

# ખરીદીનો અતિરેક, સંસાધનોનો નાશ અને જગતમાં તેનું રિએક્શન

સારાંશ
★વિન્સી મરચન્ટ

આજથી 60-70 વરસ અગાઉ સિન્થેટિક કાપડ અને કપડાં બનતાં થયાં. ત્યાર બાદ વસ્ત્રો આકર્ષક, ટકાઉ અને ઉત્તરોત્તર સસ્તાં બનતાં ગયાં. નવી ટેક્નોલોજીએ માત્ર વસ્ત્રો જ નહીં જૂતાં, ઘડિયાળો, કમરપટ્ટા વગેરે અઢળક પ્રમાણમાં લોકોને ઉપલબ્ધ કરાવી આપ્યાં છે. સોશ્યલ મીડિયાના માધ્યમોએ ફેશનને ખૂબ બહેકાવી છે. આજે એક ડિઝાઈનનાં શૂઝ ખરીદ્યા હોય તો કાલે તેનાથી બહેતર ડિઝાઈનના બજારમાં આવી જાય. તે પણ ખરીદો. લોકો ખરીદી ચાલુ જ રાખે છે. લોકો પાસે પૈસા પણ ઘણા આવી ગયા છે. દુનિયાનાં બજારોમાં આજે અભૂતપૂર્વ અને અગણિત પ્રકારની ડિઝાઈનની નવી નવી ચીજવસ્તુઓ અને વરાયટીઓ આવી ગઈ છે. ઈન્ટરનેટ, ઇ શોપિંગ, મોલ્સ, ટેલિવિઝન, યુઝ એન્ડ થ્રોની નીતિ વગેરેને કારણે ખરીદી ખૂબ વધી છે. લોકોના જીવનમાંથી સંતોષ ગાયબ થઇ ગયો છે પરંતુ અસંતોષ પૃથ્વી પરનાં પર્યાવરણને બગાડે છે. એક તો એ વસ્તુઓનાં નિર્માણમાં મહત્ત્વનાં કુદરતી સંસાધનો વપરાઇ કે વેડફાઈ જાય છે અને આ નવા જમાનાની ચીજવસ્તુઓને નાશ પામતાં 500થી 800 વરસ લાગી જાય છે. તેઓનો નિકાલ પર્યાવરણ માટે બીજી મોટી સમસ્યા ઊભી કરે છે.

આજે ફાસ્ટ ફેશનના યુગમાં માનવીની સાચી જરૂરત કરતાં અનેકગણાં વસ્ત્રોનું નિર્માણ થાય છે અને મોટા ભાગનાં વસ્ત્રો બરાબર વપરાયા વગર જ વિશાળ ઉકરડા અર્થાત લેન્ડફીલ્સ સુધી પહોંચી જાય છે. ગ્લોબલ નોર્થ અને ગ્લોબલ સાઉથ એવા બે વિભાગો, રાજકીય અને આર્થિક દૃષ્ટિકોણથી ભૂગોળના પાડવામાં આવ્યા છે. પૃથ્વીના ઉત્તરાર્ધમાં મુખ્યત્વે સુખી અને દક્ષિણ ગોળાર્ધમાં મુખ્યત્વે દુ:ખી દેશો આવેલા છે. સુખી દેશોની પ્રજાનો કચરો દક્ષિણના દેશોમાં એ રીતે ડમ્પ થાય છે જે રીતે ભાવનગર નજીક અલંગનો ભંગારવાડો છે. ડમ્પીંગનાં દુષ્પરિણામો, વિપરીત આડઅસરો ગરીબ દેશોએ સહન કરવા પડે છે. ગ્લોબલ સાઉથના ચીલી, ઘાના જેવા દેશોમાં જે એક એક તાલુકા જેવડા લેન્ડફીલ્સ સર્જાયા છે તે અવકાશમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરથી અવકાશવીરો પણ જોઈ શકે છે. કપડાંના એ ડમ્પ સળગાવવામાં આવે છે તેની અવકાશમાંથી ખેંચેલી તસવીરો વખતોવખત વાયરલ બને છે. આ ઉકેલી ન શકાય તેવી પર્યાવરણીય સમસ્યા નથી. વધુ તો સામાજિક અને વૈચારિક સમસ્યા છે. શ્રીમંતો કે સુખી લોકો ફેશનમાં સતત મહાલવાની બેલગામ ઇચ્છાઓ પર લગામ મૂકે તો તે નિવારી શકાય તેમ છે. ખૂબ ઊંડાણમાં જાઓ તો બધી તકલીફોની જડ વસ્તિવધારો છે. બધાંને રોજી-રોટી, ઉદ્યોગોની જરૂર પડે. આજે દુનિયાના 43 કરોડ લોકો અર્થાત કુલ વસતિના 12 1/2 %થી વધુ લોકો ફેશનની ચીજો, કપડાં વગેરેના નિર્માણમાં સીધી રીતે સંકળાયેલા છે. કપાસ, લીનન ને રેશમના ખેડૂતો અલગ. જો ફેશન ઇન્ડસ્ટ્રી પર બ્રેક મારવામાં આવે તો બેરોજગારી વધી જાય. કેચ ટવેન્ટીટુ. વસતિવધારો અટકાવવા સિવાય બીજો કોઇ વિકલ્પ બચ્યો નથી. કોર્પોરેટ વિજ્ઞાનીઓ ભલે ગમે તે આશાઓ બંધાવે, પૃથ્વી હવે વધુ માણસોનો બોજ ઉઠાવી શકે તેમ નથી.આ અમાફકસરની ગરમી, અમાફક અણધાર્યા વરસાદ શું કહી જાય છે?

દર વરસે દુનિયાભરમાં કુલ મળીને 100 અબજ નંગ વસ્ત્રો બને છે. 8 અબજની વસતિના હિસાબે સરેરાશ આબાલવૃદ્ધ માણસદીઠ સાડા બાર કપડાં થયાં પણ શ્રીમંતો સુખી સમાજ વરસના 50 થી 500 સુધી નંગ વસાવે છે. ગરીબો, વૃદ્ધો, બાળકો બેચાર ખરીદે છે. દર વરસે સવા નવ કરોડ ટન કપડાં ખરાબાની ભૂમિ કે રણપ્રદેશમાં તૈયાર કરાયેલા લેન્ડફીલ્સમાં દાટી દેવાય છે. મોટા ભાગના બરાબર દટાતાં નથી તે રઝળતાં થાય છે. આજનાં વસ્ત્રો ઘણા ટકાઉ હોય છે કારણ કે તેમાં પોલીએસ્ટર અને સિન્થેટિક રેસા વપરાયા હોય છે પણ આ મજબૂતી, પર્યાવરણ માટે વધુ હાનિકારક છે. હવે તો પ્લાસ્ટિકની બોટલોના તાર પણ વસ્ત્ર વણવા માટે



**આજનાં વસ્ત્રો ઘણા ટકાઉ હોય છે કારણ કે તેમાં પોલીએસ્ટર અને સિન્થેટિક રેસા વપરાયા હોય છે પણ આ મજબૂતી, પર્યાવરણ માટે વધુ હાનિકારક છે. હવે તો પ્લાસ્ટિકની બોટલોના તાર પણ વસ્ત્ર વણવા માટે ઉપયોગમાં લેવાય છે. આ વસ્ત્રોને ડીજનરેટ થવા માટે હજાર કે તેથી વધુ વરસ લાગી જાય. પોલીએસ્ટરનાં વસ્ત્રોને સરેરાશ 200 વરસ લાગે છે તે પણ ખૂબ નુકસાનકારક જ ગણાય. માત્ર શુદ્ધ કપાસનાં વસ્ત્રોને માટી સાથે માટી બની જવામાં ખાસ સમય લાગતો નથી**

ઉપયોગમાં લેવાય છે. આ વસ્ત્રોને ડીજનરેટ થવા માટે હજાર કે તેથી વધુ વરસ લાગી જાય. પોલીએસ્ટરનાં વસ્ત્રોને સરેરાશ 200 વરસ લાગે છે તે પણ ખૂબ નુકસાનકારક જ ગણાય. માત્ર શુદ્ધ કપાસનાં વસ્ત્રોને માટી સાથે માટી બની જવામાં ખાસ સમય લાગતો નથી. આપણે અહીં ફેશનઉદ્યોગની વાત કરીએ છીએ તેમાં જગતમાં વધી પડેલાં પગરખાં કે ફૂટવેરને ગણતરીમાં લીધા નથી. એ વળી એક બીજી મહામુસીબત છે.

દુનિયાની લેન્ડફીલ્સ સાઈટોમાં પ્રત્યેક સેકેન્ડે એક મોટી ટ્રક ભરીને નકામાં કપડાં ઠલવાય છે. હજી તો આ પ્રમાણ વધશે. 2030 સુધીમાં વરસે સાડા તેર કરોડ ટન ફાસ્ટ ફેશન કચરો જનરેટ થશે જેને ડીજનરેટ થતાં સદીઓ લાગશે. ફેશનઉદ્યોગ માત્ર કચરો જ પેદા કરતો નથી. વસ્ત્રોનાં નિર્માણમાં પર્યાવરણ-વિરોધી વાયુઓ હવામાં ભેળવે છે તે પ્રમાણ પણ 2030 સુધીમાં બમણું થઇ જશે.

સુખી દેશો અને સુખી લોકો આ સમસ્યા વકરાવે છે. સ્વાભાવિકપણે અમેરિકનો મોટા ગુનેગાર છે. ભારતમાં ફિલ્મ કલાકારો એક વસ્ત્ર જાહેરમાં ધારણ કર્યા બાદ બીજી વખત પહેરતાં નથી. એક દિવસમાં બે કે ત્રણ પ્રસંગમાં હાજરી આપે તો દર વખતે અલગ અલગ ઠાઠ રચે. તેનું પુનરાવર્તન ન કરે. જેમ કે શત્રુઘ્ન સિંહા, શેખર સુમને મકાન બદલ્યું ત્યારે પેકર્સ એન્ડ મુવર્સ કંપનીએ બે હજારથી વધુ જોડી ફૂટવેરને કાળજીપૂર્વક ફેરવવા પડ્યા હતા. અમેરિકામાં તો કરોડપતિઓનો કોઇ પાર નથી. ભારતના કરોડપતિઓ પણ 20-30 જોડી જૂતા અને 100-150 જોડી કપડાં ધરાવતાં થયાં ગમ્યું નથી અને ખરીદ્યું નથી! ઇન્ટરનેટ શોપિંગ, મોલ્સને કારણે આ કામ ખૂબ સહેલું બની ગયું છે. અમેરિકનો દર વરસે 1 કરોડ 13 લાખ ટન ટેક્સટાઈલ વેસ્ટ કચરામાં ફેંકી દે છે. ખાસ નહીં વપરાયેલાં કપડાંઓ પણ તેઓ ઘર બહાર થેલામાં ભરીને મૂકે અને સંસ્થાઓને ડોનેટ કરે. સંસ્થાઓ પણ આ વસ્ત્રો જથ્થાબંધ વેચે જે આફ્રિકાના અને એશિયાના તેમ જ લેટિન અમેરિકાના ગરીબ દેશોમાં પહોંચે છે. ઘાના, આફ્રિકા ખાતે જૂના વસ્ત્રોનાં વેચાણ માટે જથ્થાબંધ અને વિશાળ બજારો ઊભાં થયાં છે. ઘાનાના એકરા ખાતે દૂરના ગરીબ દેશોના વેપારીઓ સસ્તા તૈયાર કપડાંની ગાંસડીઓ જથ્થાબંધ ખરીદવા આવે છે. ત્યાં યુરોપથી પણ કપડાં આવે છે. કપડાંને વેચાણમાં મૂકતા પહેલાં તેની ધોલાઈ, ઇસ્ત્રી, રિફર્બિશિંગ અને પેકીંગ માટેનો મોટો ઉદ્યોગ ત્યાં જામ્યો છે. ચીલીના અટાકામા રણપ્રદેશમાં પણ આ પ્રકારનો ઉદ્યોગ ખીલ્યો છે. વેચાણમાં જે સાવ ન ચાલે તેવાં કપડાં અહીં જ લેન્ડફીલ્સમાં પધરાવવામાં આવે છે. અટાકામા પ્રદેશમાં હમણાં એક ફેશન સપ્તાહ યોજાયું હતું. લેન્ડફીલ્સમાંથી વીણી વીણીને પસંદ કરાયેલાં જૂનાં, નકામાં વસ્ત્રો મોડેલોએ ધારણ કર્યાં હતાં. લેન્ડફીલ્સમાં રઝળતા, ઊડતાં વસ્ત્રોના ઢગલાઓ પર મોડેલોએ કેટવોક કર્યું હતું. ફેશન વીકમાં જે થીમો રાખી હતી તેને 'પૃથ્વી, અગ્નિ, જળ અને વાયુ' જેવાં નામો આપ્યાં હતાં. આયોજકોનું કહેવું છે કે પર્યાવરણની સમસ્યાને હાઈલાઈટ કરવા આ આયોજન થયું હતું.

અમેરિકનો નવાં વસ્ત્રો ખરીદે તેના 85 % જેટલા દર વરસે કચરામાં કાઢી નાખે છે. સરેરાશ વ્યક્તિદીઠ તેઓ દર વરસે 37 Kg (લગભગ બે મણ) વસ્ત્રો ફેંકી દે છે. તમામ અમેરિકનો મળીને પ્રત્યેક સેકન્ડે 2150 નંગ વસ્ત્રો ફેંકે છે. અગાઉ દુનિયાનાં લોકો એક વસ્ત્ર જેટલી વખત પહેરતાં હતાં એટલી વખત આજકાલ પહેરતાં નથી. આજકાલ ઘણી આઈટમો માત્ર 7 થી 10 વખત પહેરીને ફેંકી દેવાય છે. 15 વરસ અગાઉ વસ્ત્રો જેટલી વખત પહેરાતાં હતાં તેમાં (ઓકે)આજે 35%નો નોંધપાત્ર ઘટાડો થયો છે.

વસ્ત્રોની ડાઈંગ, પ્રિન્ટિંગ અને ફિનિશિંગની પ્રવૃત્તિઓ દુનિયામાં ગટરના પાણીમાં 20%નો વધારો કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો પાણીના અમૂલ્ય સંસાધનોનો વેડફાટ કરે છે. આ ઔદ્યોગિક પ્રદૂષણનું પાણી ખેતીવાડી સુધી પહોંચીને લોકોના ખોરાક અને આરોગ્ય જોખમાવે છે. ડાઈંગ અને પ્રિન્ટિંગની પ્રવૃત્તિઓ જગતના વાતાવરણમાં વધુ 3% નુકસાનકારક કાર્બન ડાયોક્સાઈડ વાયુ ઉમેરે છે. એ સિવાય માત્ર 1Kg કપાસ પેદા કરવા માટે 20 હજાર લિટર પાણીની જરૂર પડે છે. બિનજરૂરી વધુ વસ્ત્રો પેદા કરવા માટે અમૂલ્ય જળસંસાધનોનો ક્ષય થાય છે. કપડાંના નિર્માણમાં પણ ખૂબ પાણી વપરાય છે. એક ટીશર્ટના નિર્માણ પાછળ કારખાનામાં 2700 લિટર પાણી વપરાય છે. આટલું પાણી એક વ્યક્તિની તરસ 900 દિવસ સુધી છીપાવી શકે.

જે વસ્ત્રો ફેંકી દેવામાં આવે છે તેનો ખાસ્સો મોટો હિસ્સો રિસાઈકલ થતો નથી. જગતમાં કુલ મળીને 12%નું જ રિસાઈક્લિંગ થાય છે. સમુદ્રો, મહાસાગરો અને તેનાં દરિયાઇ જીવોમાંથી જે માઈક્રોપ્લાસ્ટિક મળી આવે છે તેમાંથી 10%નો વસ્ત્રોમાંથી નીકળીને ભળેલું હોય છે.

વરસ 2023માં દુનિયાનું રિટેલ ગ્રાહક માર્કેટ 21,130 અબજ (21.13 ટ્રિલિયન) ડોલરનું હતું તે 2030માં વધીને 34,440 (34.44 ટ્રિલિયન) ડોલર પર પહોંચશે. ગ્રાહકવાદ હજી વધુ વકરશે. સર્જનહારે દાંત આપ્યા છે તો ચાવણું આપવું પડશે પણ તે મહેનત કરનારને આપશે. જગતને નવા રોજગારો અને નવા આર્થિક કરતબો શિખડાવવા પડશે. જે સર્જનહાર આદિકાળથી કરતો રહ્યો છે. માનવીને નવું નવું અને વધુ ને વધુ જોઈએ છે તે વૃત્તિઓ, પ્રવૃત્તિઓને અને એ રીતે અર્થતંત્રને પોષે છે. પરિવર્તનો માટેનું એ ચાલક બળ છે. માનવી અને સમાજની આ વૃત્તિ, પ્રકૃતિને પાયામાં રાખી અર્થશાસ્ત્રી જે.એમ. કીઈન્સે કન્ઝયુમર સ્પેન્ડિંગ અથવા ગ્રાહકવાદની થીઅરી રચી તે મૂડીવાદનો પાયો છે. લોકો ખર્ચ કરે તો ઉદ્યોગ-ધંધાઓ અને બીજા લોકોનાં ઘર ચાલે. સરકારે નીતિઓ અને વ્યવસ્થાઓ એ રીતે ઘડવા જોઈએ જેથી લોકો ખર્ચ કરે અને ખર્ચ કરવા સક્ષમ બને. અતિરેક ના થાય તો આ થીઅરી લોકોને સુખી કરવામાં પ્રમાણમાં વધુ સફળ નીવડી છે. એક બુલેટ ટ્રેન લાખો લોકોને લાંબો સમય રોજીરોટી પૂરા પાડે. એક શ્રીમંત લગ્નમાં 2000 કરોડ રૂપિયા ખર્ચે તો થોડી જરૂરી રકમ ફૂલવાળા માળી સુધી પહોંચે. ટૂંકમાં પૈસો ચાલતો રહેવો જોઈએ. 2000 કરોડ ખર્ચાયા વગર પડી રહે તો નિરર્થક છે પણ ઉપભોક્તાવાદના અતિરેકો હવે સામે આવી રહ્યા છે.

અનુ પાના ૬ પર